










વેક્સિનેશનમાં વિટંબણા - પ્રજામાં જ્યારે વેક્સિન માટે ઉત્સાહનો માહોલ સર્જાયો છે ત્યારે જથ્થો ઓછો હોવાને કારણે હાલાકીનો માહોલ સર્જાયો હતો... ૧૦ સેન્ટરમાં ૫ સેન્ટરમાં લાંબી લાઈનો લાગે છે... તો બીજા પાંચ સેન્ટરો જથ્થાના અભાવે કેન્દ્રો બંધ કરવામાં આવ્યા હતા... આમ નગરજનો સેક્ટરે-સેક્ટરે ફરીને વેક્સિન લેવા તત્પર બન્યા હતા... મહાઅભિનાયની મોટી-મોટી જાહેરાતોના પ્રમાણમાં વેક્સિનનો જથ્થો ઉપલબ્ધ ન થતાં વેક્સિનેશન ટોક-ઓફ ધ ટાઉન બન્યું હતું...

# આજે જિલ્લા આયોજન મંડળની વર્ચ્યુઅલ બેઠક પ્રભારી મંત્રીની અધ્યક્ષતામા મળશે

**૭ કરોડ દસ લાખના કામોને મંજૂરી અપાશે : ૧૦ કરોડથી વધુના ૪૫૦ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની સતત બીજા વર્ષે પણ આજે વર્ચ્યુઅલ બેઠક પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળશે.

જિલ્લામાં આ વર્ચ્યુઅલ બેઠકમાં પાંચ સ્થાનોએથી અધિકારીઓ જોડાશે. કલેક્ટર ઓફિસ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ કલોલ, માણસા અને દહેગામ મામલતદાર કચેરીએથી અધિકારીઓ વર્ચ્યુઅલ બેઠકમાં જોડાશે. તંત્ર દ્વારા આજે આ અંગેની તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કોરોનાની મહામારીને કારણે સતત બીજા વર્ષે પણ માર્ચમાં મળતી આયોજન મંડળની બેઠક ૩ મહિના મોડી મળી રહી છે.

આ બેઠકમાં રૂ. ૧૦ કરોડથી વધુના કામોનું આયોજન તૈયાર કરી અને રજુ કરવામાં આવનાર છે. જો કે મંજૂરી ૭ કરોડના કામોને જ આપવામાં આવનાર છે.

૭ કરોડ ૧૦ લાખના કામોને જે મંજૂરી અપાશે તેમાં વિવેકાધીન જોગવાઈના ૩ કરોડ ૯૦ લાખના, ખાસ અંગભૂત જોગવાઈના ૪૭ લાખના, પ્રોત્સાહક જોગવાઈના ૨૫ લાખના, નગરપાલિકા વિવેકાધીન જોગવાઈના ૭૫ લાખના, જિલ્લાકક્ષાની જોગવાઈના દોઢ કરોડના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું આયોજન રૂ. ૧૦ લાખનું કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ૪૫૦ જેટલા કામો આ બેઠકમાં સૂચવવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય માર્ગોના ૧૧૧, આરોગ્યના ૩૮,

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વેક્સિનના અપૂરતા જથ્થાને લઈ સતત લાભાર્થીઓની સંખ્યા ઘટી રહી છે

**સોમવારે માત્ર ૭૩૪૦નું વેક્સિનેશન : શહેરમાં ૨૬૬૬ અને જિલ્લામાં ૪૬૭૪**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનનો કકળાટ લગભગ નિત્યક્રમ બની રહ્યો છે. તંત્રએ ૫૦ ટકાથી વધુ વેક્સિનેશન સેન્ટરો સ્થગિત કરી દીધા છે તો આજે કેટલાક સેન્ટરો પર સવારના ધસારાને લઈ રસીનો જથ્થો ખુટી પડતાં તે બંધ કરી દેવાયા હતા.



જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી જરૂરિયાતની સામે ૫૦ ટકાથી પણ ઓછો જથ્થો આવતાં તંત્રની હાલત કફોડી થઈ જવા પામી છે. એટલુ જ નહિ જથ્થો મોડી રાત્રે મળતો હોવાથી કયા સેન્ટરો પર વેક્સિનેશન હાથ ધરવામાં આવશે તેને લઈ તંત્રએ સાવ ચૂપકીદી સાધી લીધી છે.

જિલ્લામાં આજે માત્ર ૭૩૪૦ લોકોને જ વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી શકાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૪૬૭૪ લોકોને તો શહેરમાં ૨૬૬૬ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લામાં વેક્સિનેશન માટેનો જથ્થો ઉપરથી જ ઓછો ફાળવવામાં આવે છે અને મોડી રાત્રે તે ફાળવવામાં આવે છે. ૨૧મીથી શરૂ થયેલા મહા અભિયાનનો ફિયાસ્કો આથી થવા પામ્યો છે.

ઓન ધ સ્પોટ રજીસ્ટ્રેશનનો વિકલ્પ જાહેર થતાં જ યુવા વર્ગ દ્વારા આ અંગે જબરજસ્ત પ્રતિસાદ સાંપડ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે પરંતુ વેક્સિનની અછતને પગલે તંત્ર લાચાર બન્યુ છે અને લોકો પણ ધરમધક્કા ખાઈ અને નિરાશ થઈ પરત ફરે છે.

વેક્સિનેશનનું મહાઅભિયાન શરૂ કરતાં પહેલા સતત વિડીયો કોન્ફરન્સો યોજી અને અભિયાનને સફળ બનાવવાના આયોજનો અંગે ખાસ માર્ગદર્શનો આપવામાં આવ્યા હતા.

દરમ્યાન બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે ગાંધીનગર ખાતે કલેક્ટર-ડીડીઓની કોન્ફરન્સના સ્થળે પણ વેક્સિનેશનનો અપૂરતો જથ્થો જે જિલ્લાઓને મળી રહ્યો છે તેને લઈ ઉભો થઈ રહેલ લોક આક્રોશ એ ચર્ચાનો મુદ્દો બન્યો હતો.

# અંગ્રેજી માધ્યમના કે.જી.ના શિક્ષકોને પ્રેક્ટીકલ લેશન ઈન્ટરવ્યુમાં પુછવામાં આવ્યુ

**મનપા દ્વારા શૈક્ષણિક સત્રથી શરૂ થતા કે.જી. અને ધો. ૧ ના શિક્ષકો માટે ઈન્ટરવ્યુ યોજાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થનારા અંગ્રેજી માધ્યમના કે.જી અને ધો. ૧ ના વર્ગો માટે શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં પસંદગી સમિતિએ અરજદારોની પ્રેક્ટીકલ એકઝામ લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે ઈન્ટરવ્યુ પ્રોસેસ સંપૂર્ણ રીતે અંગ્રેજીમાં જ હાથ ધરાઈ હતી એટલુ જ નહિ ૧૦ મિનિટનું પ્રેક્ટીકલ લેશન પુછવામાં આવ્યુ હતુ. કેટલાક અરજદારોને આલ્ફાબેટ કેવી રીતે શિખવશો, શૉર્ટ સ્ટોરી એક્શન સાથે કેવી રીતે બાળકોને સમજાવશો તેવા અટપટા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

૧૦ મિનિટ જેટલો સમય સામાન્ય જ્ઞાન શિક્ષણને લઈ પુછવામાં આવ્યા હતા. આજે આખો દિવસ આ ઈન્ટરવ્યુની પ્રોસેસ ચાલી હતી.

ઈન્ટરવ્યુ માટેની કમિટીમાં નાયબ મ્યુનિ. કમિશનર પ્રીતેશભાઈ દવે ઉપરાંત ચિલ્ડ્રન યુનિ.ના ડૉ. મીનળબેન જાડેજા, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના બીનીતા રાણા, જીસીઈઆરટીના સિનીયર લેક્ચરર ઉર્મિલાબેન પંચાલ અને શાસનાધિકારી ડૉ. કિરણબેન પટેલ હતા.

૧૦ જગ્યા માટે અપાયેલ જાહેરાતમાં કરાર આધારિત નિમણુંક કરવામાં આવશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ૧૦ જગ્યા માટે ૩૫૦ જેટલી અરજીઓ મળી હતી

● અનુસંધાન પાન-૭ પર

# સિદ્ધરાજ ઝાવોડમાં ઓફીસો પચાવી પાડવા સામે ફરિયાદ

**ભાડા કરારનો સમય પૂર્ણ થઈ ગયા પછી પણ ભાડા કરાર રિન્યું નહી કરીને દુકાનો પચાવી પાડવાની મેલી મુરાદ ધરાવતા દંપતિ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ**

ગાંધીનગર, તા.૨૮

ન્યું ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલ વાણીજય કોમ્લેક્ષમાં ચોથા માળે ઓફિસો ભાડે રાખીને ભાડુ તેમજ ભાડા કરારનો સમય પૂર્ણ થઈ ગયા પછી પણ ભાડા કરાર રિન્યું નહી કરીને દુકાનો પચાવી પાડવાની મેલી મુરાદ ધરાવતા દંપતિ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧ સી પ્લોટ નં. ૩૨૫ ખાતે રહેતા ચૈતન્ય બાબુલાલ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. જયારે ચૈતન્ય પટેલ પોતાના બે ભાગીદાર સાથે મળીને સીઆરપી એસોશીએટ નામની બિલ્ડીંગ બાંધકામનું કામકાજ ચાલે છે. સરગાસણ ટીપી ૯ ખાતે પ્લોટ નં.૫-૨ એ બ્લોક નં.૪૪૨-૧-૨ વાળી જમીનમાં ચૈતન્યભાઈ તેમજ ભાગીદારોએ સિધ્ધરાજ ઝાઓડ નામનો આશરે ૬ વર્ષ પહેલા કોમ્પ્લેક્ષ બનાવ્યો હતો. ગ્રાઉન્ડ ફલોર થી ચાર માળનું કોમ્પ્લેક્ષ છે. જેમાં ૪૦૧ અને ૪૦૪ ઓફિસ બિલ્ડરની માલિકીની હતી. જયારે બિલ્ડરના પરિચીત અને તેમના ભાગીદાર વિજયભાઈ ટાંક (રહે. પ્લોટ નં.૧૫૪ સેકટર-૮) તેમની ભાગીદારીની હરીલક્ષ્મી બ્રોડ કાસ્ટ ફર્મની ઓફિસ કરવા માટે ભાડે માંગી હતી. વિજયભાઈ અને તેમના ભાગીદારને ઓફિસો ભાડે આપવાનું નક્કી કરતા તે અંગે તા.૧૫-૪-૨૦૧૯ ના રોજ એક લીવ એન્ડ લાયસન્સ એગ્રીમેન્ટ કરાર થી ભાડે આપી હતી. જે અંગે ભાડાકરાર નોટરાઈઝ પણ કરાવ્યો હતો. આ નોટરાઈઝ એગ્રીમેન્ટ તા.૧-૫-૧૯ થી તા.૩૧-૩-૧૦ સુધીનો કરી આપ્યો હતો. ત્યારબાદ ભાડા કરાર રીન્યુ કરવો પડે અથવા તો ઓફિસો ખાલી કરવી પડે. જયારે ઓફિસનું ભાડુ ૧,૪૮,૧૦૦ તેમજ જીએસટી સાથે આપવાનું નક્કી થયું હતું. પરંતુ થોડા સમય સુધી ભાડુ નિયમિત આપ્યું હતું. ત્યારબાદ ભાડુ આપવાનું બંધ કરી દીધુ હતું. જયારે બિલ્ડરે અન્ય ભાગીદારનો સંપર્ક કરતા તેઓએ પણ તા.૫-૯-૨૦૧૯ ના રોજ છુટા કર્યા છે. સિધ્ધરાજ ઝાવોડમાં બે ઓફિસનું ભાડુ સમયસર ન આવતા વિજયભાઈ ટાંકને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સતત બીજે દિવસે બે કેસ : ગ્રામ્યમાં ઝીરો

**કોબા અને સરગાસણ ગામેથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે કોરોનાના બે કેસ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે પણ એકેય કેસ નોંધાયો નથી.

ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે કોરોનાનો કેસ નોંધાયો નથી તેથી તંત્રએ રાહત અનુભવી છે. છેલ્લા દસ દિવસમાં ત્રીજીવાર એક પણ કેસ નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૫૯૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૪૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ શહેરમાં નવા ભેળવવામાં આવેલ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

કોબા ગામેથી ૨૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૩૨ જેટલા દર્દીઓ આજે એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૫૦૦ જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના કેસો મળતાં તંત્રમાં ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તેમનુ અસરકારક મોનીટરીંગ કરવાની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

# શહેરમાં રથયાત્રા આયોજન માટે બે ત્રણ વિકલ્પ તૈયાર કરાયા

**રથયાત્રા મહોત્સવ માટે મંજુરી મળે તો કોવિડની ગાઇડલાઇનનો પુરતો ખ્યાલ રાખીને આયોજન કરાશે : ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રી : રથયાત્રાના આયોજન માટે ભાવિકો ઉત્સુક**

ગાંધીનગર તા ૨૮

કોરોનાના લીધે વર્ષ દરમિયાન આવતા તહેવારો કયાં આવીને જતા રહે છે તેની ખબર પણ પડતી નથી. કોરોના કાળમાં છેલ્લા દોઢ વર્ષથી આમ નાગરિકોની જીવનશૈલી પણ બદલાઈ ગઈ છે. એટલુ જ નહીં પરંતુ શ્રધ્ધા ભકિતથી વારે તહેવારે મંદિરમાં પુજન અર્ચન કરતા ભાવિકો પણ મુંઝવણ અનુભવી રહ્યા છે. કોરોનાના કહેરથી બચવા માટે નિયંત્રણો અનિવાર્ય છે. ત્યારે હાલ કોરોનાનુ સંક્રમણ ઘટયુ છે ત્યારે આગામી રથયાત્રા મહોત્સવની ઉજવણી માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. આ તબક્કે રથયાત્રાના આયોજન માટે મંજુરી આપવામાં આવે તો રથયાત્રા સમિતિએ એકાદ પ્લાન પણ તૈયાર કર્યા છે. રથયાત્રાના આયોજનમાં સરકારની ગાઈડલાઈનનુ યોગ્ય પાલન થાય તેમજ સંક્રમણને વેગ ન મળે તે મુજબ સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે આયોજન માટે પણ વિચારણા કરી છે.

ગાંધીનગરમાં આ વર્ષે રથયાત્રા મહોત્સવનુ આયોજન કરવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી ગત વર્ષે પણ કોરોનાના સંક્રમણને અનુલક્ષી રથયાત્રા સે-૨૨ પંચદેવ મંદિરના એક દ્વારેથી નિકળીને બીજા દ્વારેથી નિજમંદિર પરત ફરી હતી. જયારે આ વર્ષે રથયાત્રાના આયોજન અંગે રથયાત્રા સમિતિએ મામલતદાર સમક્ષ મંજુરી માટે અરજી પણ કરી છે. રથયાત્રા મહોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાવિકામાં પણ જય રણછોડ માખણચોર.. ના જયઘોષ સાથે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિકાળવા માટે અનોખો થનગનાટ જોવા મળી રહ્યો છે. એકબાજુ કોરોના કેસ સતત ઘટી રહ્યા છે. જયારે શહેરમાં પણ હાલની સ્થિતિએ કોરોનાનુ સંક્રમણ સદંતર કાબુમાં છે. ત્યારે આ વર્ષે રથયાત્રાનુ આયોજન કરવા માટે સરકાર મંજુરી આપે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે. ભાવિકો પણ રથયાત્રાના આયોજનને અનુલક્ષી ઉત્સુક બન્યા છે. આ અંગે રથયાત્રા સમિતિના અધ્યક્ષ અને સે-૨૨ પંચદેવ મંદિરા ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યા મુજબ રથયાત્રા માટે મંજુરી આપવામાં આવશે તો સરકારની ગાઈડલાઈનનુ કડક પાલન કરીને આગળ આયોજન કરાશે. જયારે આ સ્થિતિ વચ્ચે રથયાત્રા શહેરના મુખ્યમાર્ગો પર નગરચર્યા કરીને નિજમંદિર પરત ફરે અગર સે-૨૨ પંચદેવ મંદિરથી નિકળીને સેકટરની પરિક્રમણા કરીને પણ ભગવાનનો રથ મંદિર પરત આવે તેમ યાત્રાના

# શહેરમાં રખડતાં ઢોરનો વધતો ત્રાસ

**માર્ગ સલામતી જોખમમાં : કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ એક દાયકાના અંતે પણ રખડતા ઢોરની સમસ્યાનો અંત આવ્યો નથી : સેકટરવાસીઓ આગ બબુલા**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. હાઈટેક વિકાસના અનેકવિધ આયામો વચ્ચે નગરને સોહામણુ બનાવવા તંત્રએ કાગળો પર અનેક યોજના પણ તૈયાર કરી છે. પરંતુ રોજીંદા જીવનમાં આમ નાગરિકોને સ્પર્શતા પ્રશ્નોનો નિકાલ લાવવા માટે તંત્ર કોઈ સ્માર્ટ વિઝન અપનાવતુ નથી જેના લીધે સાડા ચાર દાયકાના અંતે શેહરીજનો જે સમસ્યાઓથી ત્રસ્ત હતા તેનાથી આજે પણ તોબા છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ એક દાયકાના અંતે હજુ શહેરમાં રખડતા ઢોરની જટીલ સમસ્યાનુ સ્વરૂપ પણ બદલાયુ નથી. હાલ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક રસ્તાઓ પર નજર નાંખો ત્યાં રખડતા ઢોર જોવા મળી રહ્યા છે. જેના લીધે પૈડા પરની જિન્દગી પણ જોખમાઈ છે. જયારે ગંદકીનો પ્રશ્ન પણ વધુ ગંભીર બન્યો છે. આ સ્થિતિ વચ્ચે અસલામતી અનુભવતા સેકટરવાસીઓ પણ આગ બબુલા બન્યા છે.



શહેરને સ્માર્ટ બનાવવા માટે અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે. વિકાસ યોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ શહેરમાં દાયકાઓ જુની સમસ્યાઓ હજુ પણ યથાવત સ્થિતિમાં છે. ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યા વર્ષોના અંતે હવે જટીલ બની છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

# સે-૪ બી રહેણાંક વિસ્તારમાં ગટરનુ દુષિત પાણી બેક મારતા રહીશો ત્રાહીમામ

ગાંધીનગર તા ૨૮

શહેરમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. એકબાજુ નવી લાઈન નાંખવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. ત્યારે સેકટરોમાં વારંવાર ગટરના દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. સે-૪ બી માં પણ ગટરનુ પાણી બેક મારતા રહીશો દુર્ગંધયુક્ત માહોલ વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે.



શહેરમાં એકબાજુ ગટર લાઈન અપગ્રેડ કરવા માટે યોજના તૈયાર કરી દેવામાં આવી છે. દાયકાઓ જુની ગટર લાઈન સેકટરની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત નથી ત્યારે સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાઓ પણ વધી ગઈ છે.

**વરસાદી દિવસોમાં સફાઇના અભાવે પણ ગટરોની ફરિયાદો ઉદભવે છે**

સેકટરોના રહેણાંક વિસ્તારમાં ગટરનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની સાથે પાણી બેક મારતુ હોવાની ફરિયાદો પણ અનેકવાર ઉઠવા પામે છે. શહેરમાં સાંકડી અને જુની ગટર લાઈનનુ નેટવર્ક પણ આ માટે જવાબદાર છે. શહેરના સે-૪ બી માં પ્લોટ નં ૪૩૧: ૨ ની આસપાસના વિસ્તારમાં પણ ગટરનુ પાણી બેક આવતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com